Hindi / English / Gujarati

# श्री राम रक्षा स्तोत्र पाठ



महाकाव्य

# <u>રામ-રક્ષા-સ્તોત્ર</u>

**(ગુજરાતીમાં શ્લોક-અને-ગુજરાતી અનુવાદ સાથે)**

---

## <u>॥ શ્રીરામરક્ષા સ્તોત્ર ॥</u>

**ૐ અથય શ્રી રામરક્ષા સ્તોત્રમંત્રસ્ય ॥ બુધકૌશિક ઋષિઃ શ્રી સીતારામચંદ્રો દેવતા ॥**
**અનુષ્ટુપ્ છંદઃ ॥ સીતા શક્તિઃ ॥ શ્રીમદ્ હનુમાન્ કીલકમ્ ॥**
**શ્રીરામચંદ્ર પ્રીત્યર્થે રામરક્ષા સ્તોત્રજપે વિનિયોગઃ ॥**
આ રામરક્ષા-સ્તોત્ર-રૂપ મંત્રના,ઋષિ-બુધકૌશિક છે,દેવતા-શ્રીરામચંદ્ર છે,છંદ-અનુષ્ટુપ છે,
શક્તિ-શ્રીસીતા છે,કીલક-શ્રીહનુમાન છે.શ્રીરામચંદ્રને પ્રસન્ન કરવા માટે રામરક્ષા-સ્તોત્રનો પાઠ કરવો.

**<u>ધ્યાનં</u>**
**ધ્યાયેદાજાનુબાહું ધૃતશર ધનુષં બદ્ધ પદ્માસનસ્થં**
**પીતં વાસોવસાનં નવકમલ દળસ્પર્થિ નેત્રં પ્રસન્નમ્ ॥**
**વામાંકારૂઢ સીતામુખ કમલમિલલ્લોચનં નીરદાભં**
**નાનાલંકાર દીપ્તં દધતમુરુ જટામંડલં રામચંદ્રમ્ ॥**
<u>ધ્યાન</u>
જેમના હાથ,ગોઠણ સુધી લાંબા છે(આજાનબાહુ),જેમણે ધનુષ્ય-બાણ ધર્યા છે,જે બ્રહ્માસન વાળીને બેઠા છે,
જેમણે,પીળાં વસ્ત્ર પહેર્યાં છે,જેમનાં નેત્ર-નવાં કમળનાં દળ કરતાં સુંદર છે,ને પ્રસન્ન છે,ડાબી બાજુએ બિરાજેલાં
સીતાજીના મુખ-કમળ પર જેમનાં નેત્ર પડે છે,જેમની કાંતિ મેઘના સરીખી છે,જે અનેક અલંકારોથી શોભે છે,
અને જે મોટી જટારૂપ-આભુષણને ધારણ કરે છે-તે શ્રીરામચંદ્રજીનું હું ધ્યાન કરું છું.

## <u>॥ શ્રીરામરક્ષા સ્તોત્ર પ્રારંભ ॥</u>

**ચરિતં રઘુનાથસ્ય શતકોટિ પ્રવિસ્તરમ્ । એકૈકમક્ષરં પુંસાં મહાપાતક નાશનમ્ ॥ 1 ॥**
શ્રીરામચંદ્રજીનું ચરિત્ર,સૌ કરોડ (જોજન) વિસ્તારવાળું છે
અને તેનો એક એક અક્ષર,મનુષ્યોના મહા-પાપનો નાશ કરનારું છે.

**ધ્યાત્વા નીલોત્પલ શ્યામં રામં રાજીવલોચનમ્।જાનકી લક્ષ્મણોપેતં જટામુકુટ મંડિતમ્ ॥ 2 ॥**
**સાસિતૂણ ધનુર્બાણ પાણિં નક્તં ચરાંતકમ્।સ્વલીલયા જગત્રાતુ માવિર્ભૂતમજં વિભુમ્ ॥ 3 ॥**
નીલાં(વાદળી)કમળના જેવી જેની શ્યામ મૂર્તિ છે,એવાં કમળ-સરીખાં નેત્રવાળાં સીતાજી
અને લક્ષ્મણ સહિત,જટાથી ને મુગુટથી શોભતા,તલવાર,ભાલા અને ધનુષ્યબાણ જેના હાથમાં છે,
એવા રાક્ષસોના નાશ કરનાર (કાળ-રૂપ) અને જગતનું રક્ષણ કરવા માટે
પોતાની લીલાથી જે પ્રગટ થયા છે,તેવા જન્મ વગરના ને સમર્થ,શ્રીરામચંદ્રજીનું ધ્યાન ધરવું.

**રામરક્ષાં પઠેત્પ્રાજ્ઞઃ પાપઘ્નીં સર્વકામદામ્।શિરો મે રાઘવઃ પાતુ ફાલં દશરથાત્મજઃ ॥ 4 ॥**
**કૌસલ્યેયો દૃશૌપાતુ વિશ્વામિત્રપ્રિયઃ શૃતી।ઘ્રાણં પાતુ મખત્રાતા મુખં સૌમિત્રિવત્સલઃ ॥ 5 ॥**
પાપને ટાળનારી અને સર્વ કામનાને પૂર્ણ કરનારી આ રામરક્ષા-સ્તુતિનો પાઠ કરવો.

રઘુકુળમાં પ્રગટેલા પ્રભુ (રાઘવ) મારા માથાની રક્ષા કરો,દશરથના પુત્ર-મારા કપાળની રક્ષા કરો,
કૌશલ્યાના પુત્ર-મારી આંખોની રક્ષા કરો,વિશ્વામિત્રના પ્યારા-મારા બે કાનની રક્ષા કરો,
યજ્ઞ નું રક્ષણ કરનાર મારી નાસિકાની રક્ષા કરો,લક્ષ્મણજીના પ્યારા-મારા મુખની રક્ષા કરો.

**જિહ્વાં વિધાનિધિઃ પાતુ કંઠં ભરતવંદિતઃ।સ્કંધૌ દિવ્યાયુધઃ પાતુ ભુજૌ ભગ્નેશકાર્મુકઃ ॥ 6 ॥**
વિધાના ભંડાર-મારી જીભની રક્ષા કરો,ભરતજીએ નમસ્કાર કરેલ એવા શ્રીરામ મારા કંઠની રક્ષા કરો,
દિવ્ય આયુધોને ધારણ કરનાર શ્રીરામ મારા ખભાની રક્ષા કરો,
શિવજીના ધનુષ્યને ભાંગનારા રામચંદ્રજી મારા ભુજ (હાથ)ની રક્ષા કરો.

**કરૌ સીતાપતિઃ પાતુ હ્રદયં જામદગ્ન્યજિત્।મધ્યં પાતુ ખરધ્વંસી નાભિં જાંબવદાશ્રયઃ ॥ 7 ॥**
સીતાના પતિ રામચંદ્ર-મારા હાથની રક્ષા કરો,પરશુરામને જીતનાર-મારા હ્રદયની રક્ષા કરો,ખર-દૈત્યને
મારનારા-મારા મધ્ય(શરીર)ની રક્ષા કરો,જાંબુવાનના આશ્રય-રૂપ એવા મારી નાભિની રક્ષા કરો.

**સુગ્રીવેશઃ કટિં પાતુ સક્થિની હનુમત્-પ્રભુઃ।ઊરૂ રઘૂત્તમઃ પાતુ રક્ષઃકુલ વિનાશકૃત્ ॥ 8 ॥**
સુગ્રીવના ઈશ્વર રામચંદ્ર-મારી કેડની રક્ષા કરો,હનુમાનના પ્રભુ મારા બે ફૂલા(સકિથની)રક્ષા કરો,
રક્ષકુળનો નાશ કરનારા-રઘુકુળમાં ઉત્તમ મારાં બે સાથળોની રક્ષા કરો.

**જાનુની સેતુકૃત્-પાતુ જંઘે દશમુખાંતકઃ।પાદૌ વિભીષણશ્રીદઃ પાતુ રામોડખિલં વપુઃ ॥ 9 ॥**
સમુદ્ર પર સેતુ બાંધનાર રામચંદ્ર-મારા ગોઠણની રક્ષા કરો,રાવણનો નાશ કરનાર મારી જંઘાની રક્ષા કરો,
વિભીષણને સંપત્તિ આપનાર-મારા પગની રક્ષા કરો અને શ્રીરામચંદ્રજી,તમે મારા આખા શરીરની રક્ષા કરો.

**એતાં રામબલોપેતાં રક્ષાં યઃ સુકૃતી પઠેત્।સ ચિરાયુઃ સુખી પુત્રી વિજયી વિનયી ભવેત્ ॥ 10 ॥**
સુકૃતિ(સારાં કર્મ)કરનારો જે મનુષ્ય,આ રામના બળવળી આ રક્ષા-સ્તુતિનો પાઠ કરે,
તે લાંબા આયુષ્યવાળો થાય,સુખી થાય,પુત્ર પામે,વિજય મેળવે અને વિનયવાળો થાય છે.

**પાતાળ-ભૂતલ-વ્યોમ-ચારિણ-શ્ચદ્મ-ચારિણઃ।ન દ્રષ્ટુમપિ શક્તાસ્તે રક્ષિતં રામનામભિઃ ॥ 11 ॥**
શ્રીરામચંદ્રજીના નામથી જેને રક્ષા થઇ હોય,તેને પાતાળમાં,પૃથ્વી પર અને આકાશમાં ફરતા દૈત્યો,
(હેરાન તો શું કરે?) જોવાને પણ સમર્થ થતા નથી.

**રામેતિ રામભદ્રેતિ રામચંદ્રેતિ વા સ્મરન્।નરો ન લિપ્યતે પાપૈર્ભુક્તિં મુક્તિં ચ વિંદતિ ॥ 12 ॥**
રામ,રામભદ્ર અથવા રામચંદ્રનું જે સ્મરણ કરે છે,તે મનુષ્ય કોઈ પણ દિવસ પાપથી ન લેપાતાં,
સુખ પામે છે ને મોક્ષને પ્રાપ્ત કરે છે,

**જગજ્જૈત્રૈક મંત્રેણ રામનામ્નાભિ રક્ષિતમ્।યઃ કંઠે ધારયેત્તસ્ય કરસ્થાઃ સર્વસિદ્ધ્યઃ ॥ 13 ॥**
જગતને જીતનાર-એવા એક રામનામના મંત્રથી,જેમાં રક્ષા કરવામાં આવી છે,
એવા આ સ્તોત્રનો કોઇ પણ મનુષ્ય પાઠ કરે તો તેની પાસે સર્વ સિદ્ધિઓ આવીને ઉભી રહે છે.

**વજ્રપંજર નામેદં યો રામકવચં સ્મરેત્।અવ્યાહતાજ્ઞઃ સર્વત્ર લભતે જયમંગળમ્ ॥ 14 ॥**
વજ્રપંજર નામના આ રામકવચનું જે સ્મરણ કરે,તે અખંડ જ્ઞાનવાળો થાય છે,
અને સર્વ ઠેકાણે કીર્તિ-રૂપ કલ્યાણ(મંગળ) ને મેળવે છે.

**આદિષ્ટવાન્-યથા સ્વપ્ને રામરક્ષામિમાં હરઃ।તથા લિખિતવાન્-પ્રાતઃ પ્રબુદ્ધૌ બુધકૌશિકઃ ॥ 15 ॥**
બુધ-કૌશિક-ઋષિને,સ્વપ્નમાં આવીને શ્રીસદાશિવે,જે પ્રમાણે આ રામરક્ષા-સ્તોત્રની રચના કહી,
તે જ (પ્રબુદ્ધ થયેલા એવા) તેણે,સવારમાં વહેલા ઉઠીને લખી લીધી છે.

**આરામઃ કલ્પવૃક્ષાણાં વિરામઃ સકલાપદામ્। અભિરામ-સ્ત્રિલોકાનાં રામઃ શ્રીમાન્ સ નઃ પ્રભુઃ ॥ 16 ॥**
(આરામ આપનાર)સર્વ કલ્પવૃક્ષોનાં પણ આરામરૂપ,સઘળી વિપત્તિઓને દૂર કરનાર,
અને ત્રિલોકીને આનંદ આપનારા,શ્રીરામચંદ્રજી અમારા પ્રભુ છે.

**તરુણૌ રૂપસંપન્નૌ સુકુમારૌ મહાબલૌ। પુંડરીક વિશાલાક્ષૌ ચીરકૃષ્ણાજિનાંબરૌ ॥ 17 ॥**
અતિરૂપ સંપન્ન તરુણ અવસ્થાવાળા,સુકુમાર શરીરવાળા,મહાબળવાળા,
કમળ સરખાં વિશાળ નેત્રવાળા,મૃગચર્મ-રૂપી વસ્ત્ર ધારણ કરનારા,

**ફલમૂલાશિનૌ દાંતૌ તાપસૌ બ્રહ્મચારિણૌ ।પુત્રૌ દશરથસ્યૈતૌ ભ્રાતરૌ રામલક્ષ્મણૌ ॥ 18 ॥**
ફળ-મૂળ ખાનારા,ઇન્દ્રિયોને વશ રાખનારા,તપ કરનારા,
બ્રહ્મચર્ય પાળનારા,અને દશરથના પુત્ર એવા આ રામ-લક્ષ્મણ

**શરણ્યૌ સર્વસત્ત્વાનાં શ્રેષ્ઠૌ સર્વધનુષ્મતામ્ ।રક્ષઃકુલ નિહંતારૌ ત્રાયેતાં નો રઘૂત્તમૌ ॥ 19 ॥**
(કે જે) સર્વ લોકો માટે શરણે જવા યોગ્ય છે,સર્વ ધનુષ્યધારીઓમાં ઉત્તમ અને
રાક્ષસોના કુળનો નાશ કરનાર છે,તે બે રઘુવંશીના ઉત્તમ પુરુષો (રામ-લક્ષ્મણ) અમારી રક્ષા કરો.

**આત્ત સજ્ય ધનુષા વિષુસ્પૃશા વક્ષયાશુગ નિષંગ સંગિનૌ ।**
**રક્ષણાય મમ રામલક્ષ્ણાવગ્રતઃ પથિ સદૈવ ગચ્છતાં ॥ 20 ॥**
સજ્જ કરેલું ધનુષ્ય જેમને ધારણ કર્યું છે,અને જેમનો બીજો હાથ કદી નહિ ખૂટનાર બાણના ભાથાને
સ્પર્શ કરે છે,એવા શ્રી રામ-લક્ષ્મણ મારુ રક્ષણ કરવા માટે પૃથ્વી પાર સદૈવ મારી આગળ ચાલજો,

**સન્નદ્ધઃ કવચી ખડ્ગી ચાપબાણધરો યુવા ।**
**ગચ્છન્ મનોરથાન્નશ્ચ (મનોરથોઽસ્માકં) રામઃ પાતુ સ લક્ષ્મણઃ ॥ 21 ॥**
સંપૂર્ણ રીતે શસ્ત્ર-સજ્જ થઈને તૈયાર,કવચ પહેરેલા,ખડગ ધારણ કરેલા,ને ધનુષ્ય-બાણ ધરનારા,
યુવાન શ્રીરામચંદ્ર અને લક્ષ્મણજી સાથે રહી ચાલતાં,તે અમારું રક્ષણ કરો અને અમારા મનોરથો પુરા કરો.

**રામો દાશરથિ શ્શૂરો લક્ષ્મણાનુચરો બલી।કાકુત્સઃ પુરુષઃ પૂર્ણઃ કૌસલ્યેયો રઘૂત્તમઃ ॥ 22 ॥**
દશરથ રાજાના શૂરવીર પુત્ર,લક્ષ્મણ જેની સેવા કરે છે એવા,
બળિયા,કાકુત્સથ કુળમાં જન્મેલા,સર્વ કામનાથી પૂર્ણ,કૌશલ્યાના પુત્ર,રઘુકુળમાં ઉત્તમ,

**વેદાંતવેદ્યો યજ્ઞેશઃ પુરાણ પુરુષોત્તમઃ ।જાનકીવલ્લભઃ શ્રીમાનપ્રમેય પરાક્રમઃ ॥ 23 ॥**
વેદાંતથી જાણી શકાય તેવા,યજ્ઞોના ઈશ્વર,પુરાણ પુરુષમાં ઉત્તમ (પુરુષોત્તમ)
જાનકીજીના પતિ,શોભાયમાન,જેનું પરાક્રમ જાણી ન શકાય તેવા,શ્રીરામચંદ્રજી

**ઇત્યેતાનિ જપેન્નિત્યં મદ્ભક્તઃ શ્રદ્ધયાન્વિતઃ ।અશ્વમેધાધિકં પુણ્યં સંપ્રાપ્નોતિ ન સંશયઃ ॥ 24 ॥**
ભગવાનનાં આટલાં નામ,ભક્તે શ્રદ્ધા રાખીને વાંચવાં,અથવા તો આ સ્તુતિનો પાઠ કરવાથી,
તે ભક્ત,અશ્વમેધ યજ્ઞ કરવાના પુણ્યથી વધારે પુણ્યને પામે છે તેમાં સંદેહ નથી.

**રામં દૂર્વાદળ શ્યામં પદ્માક્ષં પીતવાસસમ્ ।સ્તુવંતિ નાભિ-ર્દિવ્યૈ-ર્નતે સંસારિણો નરાઃ ॥ 25 ॥**
દુર્વાના દલ જેવા શ્યામ વર્ણવાળા,કમળના સરખાં નેત્રવાળા,અને પીળાં અસ્ત્ર પહેરનારા,
શ્રોરામચંદ્રજીના દિવ્ય-નામોની,જેઓ સ્તુતિ કરે છે,તેઓ જન્મ-મરણને પામતા નથી.

**રામં લક્ષ્મણ પૂર્વજં રઘુવરં સીતાપતિં સુંદરમ્**
**કાકુત્સ્થં કરુણાર્ણવં ગુણનિધિં વિપ્રપ્રિયં ધાર્મિકમ્ ।**
**રાજેંદ્રં સત્યસંધં દશરથતનયં શ્યામલં શાંતમૂર્તિમ્**
**વંદે લોકાભિરામં રઘુકુલ તિલકં રાઘવં રાવણારિમ્ ॥ 26 ॥**
શ્રીરામ કે જે લક્ષ્મણજીના મોટાભાઈ છે,રઘુકુળમાં ઉત્તમ છે,સીતાના પતિ છે,સુંદર છે,કાકુત્સથ કુળમાં ઉત્પન્ન થયા છે,કરુણાનો સમુદ્ર છે,ગુણના ભંડાર-રૂપ છે,બ્રાહ્મણો જેને પ્રિય છે,ધર્મ કરનારા છે, રાજાઓના અધિપતિ છે,સત્ય-પ્રતિજ્ઞા-વાળા છે,દશરથના પુત્ર છે,શ્યામ સ્વરૂપ છે,શાંત મૂર્તિવાળા છે, લોકોને આનંદ આપનાર છે,રઘુકુળને શોભાવનાર છે,અને રાવણના જે શત્રુ છે,
તેવા રઘુકુળમાં જન્મેલા શ્રીરામને હું નમસ્કાર કરું છું.

**રામાય રામભદ્રાય રામચંદ્રાય વેધસે ।રઘુનાથાય નાથાય સીતાયાઃ પતયે નમઃ ॥ 27 ॥**
રઘુકુળના નાથ,અને સીતાના પતિ એવા શ્રીરામ કે જેમનાં રામચંદ્ર અને રામભદ્ર-એવાં નામ છે,
(એવા રઘુકુળના નાથ અને સીતાના પતિ) શ્રીરામને હું નમસ્કાર કરું છું.

**શ્રીરામ રામ રઘુનંદન રામ રામ શ્રીરામ રામ ભરતાગ્રજ રામ રામ ।**
**શ્રીરામ રામ રણકર્કશ રામ રામ શ્રીરામ રામ શરણં ભવ રામ રામ ॥ 28 ॥**
હે,રઘુનંદન શ્રી રામ-રામ-રામ-રામ,હે ભરતના મોટાભાઈ શ્રીરામ-રામ-રામ-રામ,
હે રણસંગ્રામમાં કઠિન જણાતા શ્રીરામ-રામ-રામ-રામ,હે લક્ષ્મીને રમાડનારા શ્રીરામ-રામ-રામ-રામ,
(અમે તમારે શરણે છીએ) અમને શરણ આપો.

**શ્રીરામ ચંદ્ર ચરણૌ મનસા સ્મરામિ શ્રીરામ ચંદ્ર ચરણૌ વચસા ગૃહ્ણામિ ।**
**શ્રીરામ ચંદ્ર ચરણૌ શિરસા નમામિ શ્રીરામ ચંદ્ર ચરણૌ શરણં પ્રપદ્યે ॥ 29 ॥**
(હું) શ્રીરામના ચરણને મન વડે સંભારું છું,શ્રીરામના ચરણને વચનથી ગાઉં છું,
શ્રીરામના ચરણને મસ્ક્તથી નમું છું,અને શ્રીરામના ચરણકમળને શરણે જાઉં છું.

**માતા રામો મત્-પિતા રામચંદ્રઃ સ્વામી રામો મત્-સખા રામચંદ્રઃ ।**
**સર્વસ્વં મે રામચંદ્રો દયાળુઃ નાન્યં જાને નૈવ ન જાને ॥ 30 ॥**
મારી માતા અને મારા પિતા શ્રીરામચંદ્ર છે,મારા સ્વામી રામચંદ્ર છે,મારા મિત્ર શ્રીરામચંદ્ર છે,
અને મારુ સર્વસ્વ શ્રીરામચંદ્ર છે,બીજા કોઈને હું માતા-પિતા-સ્વામી-મિત્ર અને સર્વસ્વ
તરીકે જાણતો નથી,કે-રામચંદ્ર સિવાય -બીજા કોઈને ઓળખાતો પણ નથી,

**દક્ષિણે લક્ષ્મણો યસ્ય વામે ચ (તુ) જનકાત્મજા ।પુરતો મારુતિર્યસ્ય તં વંદે રઘુનંદનમ્ ॥ 31 ॥**
જેમની જમણી બાજુ લક્ષ્મણ છે,ડાબી બાજુ જનકનાં પુત્રી સીતાજી છે,અને જેમની
આગળ ચાલનારા શ્રીહનુમાનજી છે,તે રઘુકુળના કુમાર શ્રીરામચંદ્રને હું નમસ્કાર કરું છું.

**લોકાભિરામં રણરંગધીરં રાજીવનેત્રં રઘુવંશનાથમ્ ।**
**કારુણ્યરૂપં કરુણાકરં તં શ્રીરામચંદ્રં શરણ્યં પ્રપદ્યે ॥ 32 ॥**
લોકોને આનંદ આપનારા,રણસંગ્રામમાં ધીરજ રાખનારા,કમળ સરખાં નેત્રવાળા,રઘુવંશના નાથ,
દયાની મૂર્તિ-રૂપ,અને કરુણાથી ભરેલા રામચંદ્રને શરણે હું જાઉં છું.

**મનોજવં મારુત તુલ્ય વેગં જિતેંદ્રિયં બુદ્ધિમતાં વરિષ્ટમ્ ।**
**વાતાત્મજં વાનરયૂથ મુખ્યં શ્રીરામદૂતં શરણં પ્રપદ્યે ॥ 33 ॥**
મનના જેવી ગતિવાળા,વાયુના જેવા વેગવાળા,ઇન્દ્રિયોને જીતનાર,બુદ્ધિમાન પુરુષોમાં વખાણવા યોગ્ય,
વાયુના પુત્ર અને વાનરોના મુખી એવા રામચંદ્રના દૂતને (હનુમાનજીને) શરણે જાઉં છું.

**કૂજંતં રામરામેતિ મધુરં મધુરાક્ષરમ્ ।આરુહ્યકવિતા શાખાં વંદે વાલ્મીકિ કોકિલમ્ ॥ 34 ॥**
કવિતા-રૂપી-ડાળી પાર બેસીને,મીઠાશ ઉપજે તે રીતે 'શ્રીરામ-શ્રીરામ-શ્રીરામ'
એવો મધુર સ્વરથી ઉચ્ચાર કરતા વાલ્મિકી-રૂપી-કોકિલને હું શરણે જાઉં છું

**આપદામપહર્તારં દાતારં સર્વસંપદામ્ ।લોકાભિરામં શ્રીરામં ભૂયોભૂયો નમામ્યહં ॥ 35 ॥**
આપત્તિઓનો નાશ કરનારા,સર્વ સંપત્તિઓને આપનારા,અને
સર્વ લોકને આનંદ આપનારા એવા શ્રીરામને હું વારંવાર નમસ્કાર કરું છું.

**ભર્જનં ભવબીજાનામર્જનં સુખસંપદામ્ ।તર્જનં યમદૂતાનાં રામ રામેતિ ગર્જનમ્ ॥ 36 ॥**
રામનામનો ઉચ્ચાર કરવો-તે સંસારના બીજને ભૂંજી (શેકી) નાખનારો છે.(જન્મ-મરણના કારણનો
નાશ કરનારો છે)સુખ-રૂપ-સંપત્તિઓને શુધ્ધ કરનારો છે અને યમના દૂતોને તરછોડી નાખનારો છે.

**રામો રાજમણિઃ સદા વિજયતે રામં રમેશં ભજે**
**રામેણાભિહતા નિશાચરચમૂ રામાય તસ્મૈ નમઃ ।**
**રામાન્નાસ્તિ પરાયણં પરતરં રામસ્ય દાસોસ્મ્યહં**
**રામે ચિત્તલયઃ સદા ભવતુ મે ભો રામ મામુધ્ધર ॥ 37 ॥**
રાજાઓમાં મણિ સરખા,શ્રીરામચંદ્રજી નિરંતર જયને પામે છે.લક્ષ્મીના પતિ શ્રીરામને હું ભજું છું,
જે શ્રીરામે,રાક્ષસોની સેનાએ હણી નાખી-તે શ્રીરામને હું નમસ્કાર કરું છું.શ્રીરામ સિવાય બીજું કોઈ શરણે
જવા યોગ્ય નથી,હું તે શ્રીરામનો દાસ છું,શ્રીરામમાં મારા ચિત્તનો લય થાઓ.હે શ્રીરામ મારો ઉધ્ધાર કરો.

**શ્રીરામ રામ રામેતિ રમે રામે મનોરમે ।સહસ્રનામ તત્તુલ્યં રામ નામ વરાનને ॥ 38 ॥**
વારંવાર શ્રીરામનું નામ જપતો,હું (માંથી) મનોહર રામમાં જ રમું છું.
હે પાર્વતી,એક રામનામ એ બીજાં હજાર નામ બરોબર છે.

**ઇતિ શ્રીબુધકૌશિકમુનિ વિરચિતં શ્રીરામ રક્ષાસ્તોત્રં સંપૂર્ણં ।**
બુધકૌશિક-મુનિએ રચિત -રામરક્ષા સ્તોત્ર-સંપૂર્ણ